# પત્રક ભાગ-૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## શનિવાર, તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

૧૨૦. **વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે નિયમ-૨૩૮(૫) અન્વયેના મુદ્દા અને તે આપનાર સભ્યોના નામોના બેલટ બાબત.**

**બુધવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)**ના રોજ રજૂ થનાર વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે જે સભ્યશ્રીઓ ઇચ્છા ધરાવતા હોય તેમણે **મંગળવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૦૦ કલાક સુધીમાં તે અંગેના મુદ્દા મોકલી આપવાના રહેશે.**

મંગળવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૦૦ કલાક સુધીમાં જે સભ્યશ્રીઓએ મુદ્દા મોકલ્યા હશે તેમનો ચર્ચામાં ભાગ લેવા માટેનો ક્રમ બેલટથી નક્કી કરવાનું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું છે. તદ્અનુસાર **બેલટ મંગળવાર, તા.૨૭મી ફેબ્રુઆરી,૨૦૨૪**ના રોજ સભાગૃહની બીજી બેઠકના વિરામ સમયની શરૂઆતમાં ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે આવેલ ઉપસચિવ, શ્રીમતી નેહા સુથારની ચેમ્બરમાં યોજવામાં આવશે. ઉપરોક્ત બેલટ વખતે સભ્યશ્રીઓ હાજર રહી શકશે.

વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં શક્ય તેટલા વધુ સભ્યશ્રીઓ ભાગ લઇ શકે તે હેતુથી ઇચ્છા ધરાવતા **દરેક સભ્યશ્રીનો એક મુદ્દો સ્વીકારવાનું** માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું છે. તેથી ઇચ્છા ધરાવતા દરેક સભ્યશ્રીને પૂરતી જાહેર અગત્યની બાબત હોય તેવો એક મુદ્દો પસંદ કરી સમયસર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**